JUDGEMENT **CC No.456-2025**

सत्यमेव जयते

રજુ તારીખ	૨૨/૦૮/૨૦૨૫		
દાખલ તારીખ	૨૨/૦૮/૨૦૨૫		
ફેંસલ તારીખ	૧૦/૦૪/૨૦૨૬		
સમયગાળો	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૦	**૦૭**	**૧૯**

<u>ફોર્મ–એ</u>

પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.

ક્રિમીનલ કેસ નં.456/2025

આંક–

પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૪૨૨૫૦૨૬૮/૨૦૨૫	
પ્રોહીબીશનની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧	
ફરિયાદી	શ્રી સરકાર
ફરિયાદપક્ષ તરફે	**વિદ્વાન એ.પી.પી શ્રી ડીં.જી.એ.ઠાકર.**
આરોપીઓ	**૦૧–ભરતભાઈ પીઠાભાઈ પરમાર,** રહે. બાલાજી પાર્ક, મોવૈયા ગામ, તા.પડધરી, જી.રાજકોટ. **૦૨–જાવીદભાઈ હનીફભાઈ મકરાણી,** રહે. સતવારા શેરી, તા.પડધરી, જી.રાજકોટ.
આરોપીપક્ષ તરફે	**વિ. વ. શ્રી જે.વી.ઝાલા**

<u>ફોર્મ–બી</u>

ગુનાની તારીખ	૧૧/૦૫/૨૦૨૫
પ્રથમ બાતમી અહેવાલની તારીખ	૧૧/૦૫/૨૦૨૫
આખરી અહેવાલ રજુ થયાની તારીખ	૨૨/૦૮/૨૦૨૫
પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ	૨૨/૦૮/૨૦૨૫
પુરાવાની શરૂઆતની તારીખ	૧૧/૦૯/૨૦૨૫
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૧૦/૦૪/૨૦૨૬

JUDGEMENT **CC No.456-2025**

ચુકાદાની તારીખ	૧૦/૦૪/૨૦૨૬
સજાના હુકમની તારીખ જો હોય તો	----------

// આરોપીઓની વિગત //

આ. અ. નં.	આરોપીઓનું નામ	ધર. ની તા.	જા. મુ તા.	તહોમત	શું નિર્દોષ છોડ્યા / સજા કરી	કરવા માં આવેલ સજા	સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ભા.ના.સુ.સં.ની કલમ-૪૬૮ મુજબ
૧.	ભરતભાઈ પીઠાભાઈ પરમાર	-	-	પ્રોહીબીશન ની કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબ	નિર્દોષ ઠરાવી છોડી મુક્યા	-	-
૨.	જાવીદભાઈ હનીફભાઈ મકરાણી						

<u>ફોર્મ-સી</u>

- ચુકાદાનું પરિશિષ્ટ -

ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીની યાદી

ક. ફરીયાદપક્ષ :-

ક્રમ નં.	સાહેદનું નામ	આંક	પુરાવાનો પ્રકાર
૧.	લાલજીભાઈ મગનભાઈ ઝીંઝુવાડીયા	૧૨	પંચસાહેદ
૨.	ડાહ્યાભાઈ મોહનભાઈ બુસા	૧૫	પંચસાહેદ
૩.	દશરથસિંહ ભરતસિંહ જાડેજા	૧૬	ફરિયાદ
૪.	સમંદરભાઈ રૂખડભાઈ સોલંકી	૨૫	પંચસાહેદ
૫.	ભગીરથસિંહ માનસિંહ જાડેજા	૨૭	ત.ક.અ.

ખ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો :-

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર
-	-	-

ગ. અદાલતના સાક્ષી, જો હોય તો :–

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–

ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજના આંકની યાદી :–

ક. ફરીયાદપક્ષ :–

અનુ	આંક	વર્ણન
૧.	૧૩	પંચનામું
ર.	૧૭	ગુન્હો રજી કરવોનો રીપોર્ટ
૩.	૧૮	અસલ ફરિયાદ
૪.	૨૬	પંચનામું
૫.	૨૮	ડેપ્યુટ હુકમ
૬.	૨૯	એફ.આઈ.આર.

ખ. બચાવપક્ષ :–

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
–	–	–

ગ. અદાલત :–

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
–	–	–

ઘ. ભૌતીક પદાર્થ :–

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
મુદ્દામાલ પાવતી નં.૯૧/૨૦૨૫, તા.૧૧/૦૫/૨૦૨૫ માં જણાવ્યા મુજબ		

(૧.૦) ફરીયાદની ટુંકમાં હકીકત :–

ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ ૧૪/૧૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ પોતાના કબજામાં ગેરકાયદેસર, પાસપરમીટ કે આધાર વગર આરોપીઓ નં. ૧ નાં કબજા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ બોટલ નંગ–૧૫, કિં.રૂા.૯,૭૫૦/– ના

મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.–૧૧૨૧૩૦૪૨૨૫૦૨૬૮/૨૦૨૫ થી પ્રોહીબીશનની એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબની નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨.૦) કેસની કાર્યવાહી :–

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૯૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપીઓ જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૧૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો વોરન્ટ ટ્રાયબલ હોય આરોપીઓને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપીઓની આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી આંક–૦૭ તથા ૦૮ સુધી પ્લી નોંધવામાં આવેલી, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરિયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

(૩.૦) ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઇ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતાં આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરિયાદની હકીકતનો ઈન્કાર કરી, નિર્દોષ હોવા અંગેનું જણાવેલ છે. તેમજ આરોપીઓપક્ષ તરફે કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૪.૦) પક્ષકારોની દલીલ :–

(૪.૧) સદર કામે એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, સદર કામે મુદ્દામાલ પાવતી મુજબનો પ્રોહી મુદ્દામાલનાં આરોપીઓ પાસેથી પંચસાહેદની હાજરીમાં કબજે કરવામાં આવેલ છે, જેને સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા ત.ક.અમલદારશ્રીની જુબાનીથી સમર્થન મળેલ છે. તેમજ રજુ કરવામાં આવેલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું પોલીસ અધીકારી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જેથી તેને ન માનવાને કોઈ કારણ નથી. આમ, સદર કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્દામાલ આ કામનાં આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ હોવાની હકિકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને પ્રોહીબીશન એકટની જોગવાઈઓ મુજબની મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

(૪.૨) આરોપીઓ તરફે તેઓનાં વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામનાં આરોપીઓ નિર્દોષ છે અને સદર કામે ફરિયાદ મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી. તેમજ સદર કામે તપાસવામાં આવેલ પંચસાહેદ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પંચનામું પુરવાર થયેલ નથી. તેમજ સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં પોલીસ દ્વારા નિવેદન લેવામાં આવેલ નથી કે તપાસવામાં આવેલ નથી. તેમજ સદર કામે તપાસવામાં આવેલ સાહેદો એ પોલીસ સાહેદો છે અને માત્ર પોલીસ સાહેદોની જુબાનીને આધારે આરોપીઓને દોષીત ઠરાવી શકાય નહી. આમ, ફરિયાદપક્ષ ફરિયાદની હકીકત મુજબનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

(૫.૦) ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીઓનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

––મુદ્દાઓ––

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૧૧/૦૫/૨૦૨૫ ના રોજ ૧૪/૧૫ વાગ્યાના અરસામાં આ કામના આરોપીઓએ પોતાના કબજામાં ગેરકાયદેસર,

પાસપરમીટ કે આધાર વગર આરોપીઓ નં. ૧ નાં કબજા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ બોટલ નંગ–૧૫, કિં.રૂા.૯,૭૫૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પ્રોહીબીશનની એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬.૦) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

<u>––નિર્ણયો––</u>

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

<u>// કારણો //</u>

(૭.૦) મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા –

આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુનામાં આરોપીઓ વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

(૭.૧) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૧૨, ૧૫ તથા ૨૫ થી પંચસાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચસાહેદ તેઓનાં કોર્ટ રૂબરૂનાં સોગંદનામા ઉપરનાં મૌખિક પુરાવા દરમ્યાન હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું પંચસાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવાં આવેલ હોવા છતાં તેઓ પોતાનાં સરતપાસનાં પુરાવાને વળગી રહેલ છે અને આંક–૧૩ તથા ૨૬ થી રજુ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી.

(૭.૨) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી દશરથસિંહ ભરતસિંહ જાડેજા આંક–૧૬ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,

તા.૧૧/૦૫/૨૦૨૫ રોજ અમો તથા પો.કોન્સ. વસંતભાઈ ભુંડીયા ,સુમીતભાઈ પનાળીયા તથા પો.કોન્સ નીકુલસીંહ ઝાલા તથા એ.એસ.આઈ બી.એમ.જાડેજા સાથે પડધરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી અંગે ખાનગી વાહનમાં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ કે મોવૈયા ગામે રહેતા ભરતભાઈ પરમારે ઘરમા ઇંગ્લીસ દારુ રાખેલ છે જે હકિકત મળતા સ્ટાફના માણસોને સમજ કરી બે રાહદારી પંચો બોલાવી પ્રાથમીક પંચનામુ કરી બનાવવાળી જગ્યાએ રવાના થયેલ હકિકતવાળી જગ્યાએ પહોંચતા ઉગમણી ડેલીવાળુ બે માળનુ મકાન જ્યા એક ઈસમ હાજર હોય તેમનુ નામ પુછતા પોતે પોતાનુ નામ ભરતભાઈ પીઠાભાઈ પરમાર ઉ.વ. ૩૨ રે.બાલાજી પાર્ક મૌવૈયા હોવાનુ જણાવેલ તેમને પ્રોહી કલમ ૧૨૦ ના ઠરાવની સમજ કરી તેમા મજકુર ભરતભાઈની સહી લઈ મજકુરને સાથે રાખી ચેક કરતા મકાનની અંદર આવેલ રુમમા બે ખાખી પુઠાના બોક્સ જોવામા આવેલ જેમા ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારુની સીલ પેક બોટલો રોયલ ચેલેન્જર ૭૫૦ એમ.એલ કુલ કી.રુ. ૭૯૫૦/- વાળી મળી આવેલ જે પૈકી ૧ એફ.એસ.એલ અર્થે કબ્જે કરેલ તથા મજકુર ઈસમને પુછતા જણાવેલ કે જાવીદભાઈ હબીબભાઈ મકરાણી વાળો બંને ભાગમા વેચાણ કરવાનુ લઈ આવેલ જે અંગેનુ પંચનામુ ક.૧૪-૧૫ થી ૧૪-૪૫ સુધીનુ સાથેના એ.એસ.આઈ બી.એમ.જાડેજાએ કરી મુદામાલ કબ્જે કરી મજકુર ઈસમને ધોરણસર અટક કરેલ જે અંગે અમો આ કામે ફરીયાદ તથા ગુન્હા રજી રીપોર્ટ આપેલ જેને દા.રજુ આંક ૧૭,૧૮ આપવામાં આવે છે. આરોપીઓને ઓળખુ છુ.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને કહેવાતો મુદ્દામાલનો જથ્થો મુદ્દામાલવાળી જગ્યા જાહેર જગ્યા છે જ્યાં ઘણાંબધાં માણસોની અવર જવાર ચાલુ હોય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આવો કોઈ બનાવ બનેલ ન હોય અને અમોજ ફરિયાદી હોય જેથી ફરિયાદને અનુરૂપ ખોટી જુબાની આપુ છુ અને આરોપીઓને ખોટી રીતે બતાવેલ છે.

(૭.૩) ફરિયાદપક્ષ તરફે ત.ક.અ. ભગીરથસિંહ માનસિંહ જાડેજા આંક–૨૭ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તારીખ–૧૧/૦૫/૨૦૨૫ ના રોજ અમો પડધરી પોસ્ટેમાં હે.કો તરીકે ફરજ બજાવતો હતો. અમોને પડધરી પો.સ્ટેના ગુ.ર.નં પાર્ટ–સી,૫૦૨૬૮/૨૦૨૫, પ્રોહી.એકટની કલમ–૬૫એએ ની તપાસ અમોને ડેપ્યુટ કરવામાં આવેલ છે .જેને દા.રજુ આંક ૨૮ આપવામાં આવે છે. આ ગુન્હાની આગળની તપાસ મને પી.એસ.ઓ તરફથી સોંપાતા મે તપાસ સંભાળી લીધેલ. મને ચાર્જશીટના કાગળો માંથી ગુ.ર.નં. ૫૦૨૬૮/૨૦૨૫ , પ્રોહી.એકટની કલમ–૬૫એએ મુજબના ગુનાની એફ.આઈ.આર બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તે જ છે જે અસલ એફ.આઈ.આર ને રજુ દાખલ આંક–૨૯ આંપવામાં આંવે છે. મે સાહેદોના નીવેદન લીધેલા અને ત્યારબાદ આ કામે રજુ ફોટો પ્રમાણપત્ર બતાવામાં આવેલ જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ ત્યારબાદ આ ગુન્હાના કામે મુદામાલ જપ્ત કરવામાં આવેલ જે અંગેની પાવતી જે હુ ઓળખી બતાવુ છુ તેમજ આ કામે જપ્ત કરેલ મુદામાલમાંથી 200 એમ.એલ મુદામાલ એફ.એસ.એલ અર્થે મુકાલવામાં આવ્યો હતો.પંચનામામાં મારી તથા મારી રુબરુ પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.તપાસ અંતે આરોપીઓ ઈસમ વીરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીઓને ઓળખુ છુ.

આરોપીઓપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગુન્હાવાળી જગ્યા જાહેર જગ્યા છે અને સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલ નથી એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પંચનામું પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરેલ છે તથા પાછળથી પંચોની સહી લીધી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરિયાદી અમારા સાથી કર્મચારી હોય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરિયાદનાં સમર્થનમાં ખોટુ ચાર્જશીટ કરેલ છે તથા ફરિયાદનાં સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

(૦૮) પુરાવાનું મુલ્યાંકન:–

આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાની હકીકતોને ધ્યાને લેતા આ કામે ફરિયાદપક્ષે રજુ પુરાવાનું ગુણદોષ ઉપર મુલ્યાંકન કરવામાં

આવે તો એ હકીકતની નોંધ લેવી ઘટે કે બનાવવાળો વિસ્તારએ જાહેર વિસ્તાર છે અને તેમ છતાં ફરિયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે દર્શાવાયેલા નથી કે તપાસેલા નથી. આ કામે તપાસવામાં આવેલા ફરિયાદી તથા ફરિયાદપક્ષે લેવામાં આવેલ નિવેદનોને વંચાણે લેતાં મોટા ભાગે પોલીસ સાહેદો છે અને જાહેર જગ્યાએ મળી આવેલ હોવા છતાં આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદો તપાસમાં લીધેલા નથી અને શા માટે લીધેલ નથી તે અંગે ફરિયાદપક્ષે કોઈ ખુલાસો પણ કરેલ નથી. જે અન્વયે **નામ. ગુજરાત હાઈકોર્ટનાં R/Criminal Revision App. No. 151 of 2012, 10/01/2024** માં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર પોલીસ સાહેદોને તપાસનાં કામે નિવેદન લેવામાં આવેલ હોય અને માત્ર પોલીસ સાહેદોને જ તપાસવા આવેલ હોય તેમજ બીજા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોય ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર માત્ર પોલીસ સાહેદોનાં નિવેદનને આધારે આરોપીઓને તકસરીવાન ઠરાવી શકાય નહીં. વધુમાં, ફરિયાદપક્ષના કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીઓની સભાન પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં હોવાનું સાબીત થવું જોઈએ. એક વખત આરોપીઓનો કોઈપણ પ્રકારનો કબ્જો પ્રસ્થાપિત થાય પછી પ્રોહીબીશન એકટની કલમ–૧૦૩ પ્રમાણે સાબીતીનો બોજો આરોપીઓ ઉપર જાય છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ. પરંતુ આ કામે જે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરેલ છે તેમાનાં પંચસાહેદની જુબાની આંક–૧૨, ૧૫ તથા ૨૫ થી થયેલ છે અને તેઓ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા છતાં તેઓ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી. તેમજ સદરહું બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં તે હકીકતને સાબીત કરવા સારૂ કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ હાલના કેસમાં દલીલ ખાતર એકવાર ફરિયાદ સાબીત માની લઈએ તો પણ જે જગ્યાએથી મુદ્દામાલ સાથે આરોપીઓ મળ્યાનું ફરિયાદ તથા પંચનામામાં લખેલ છે તે જગ્યાએ આરોપીઓને મુદ્દામાલ સાથે અટક કરેલ હોય તેવું

જણાવતા સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે તેવું બતાવતો અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી. ખરેખર આરોપીઓ મુદ્દામાલ સાથે મળી આવેલ કે કેમ ? તે અંગે શંકા ઉપસ્થિત થાય છે. આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈઓ તથા નામ. વડી અદાલતનાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખતા ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, આરોપીઓ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર પોતાના કબજામાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવી પકડાઈ ગયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં, સદર કામે પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો પણ નોંધવામાં આવેલા નથી. તેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર હાલના આરોપીઓને તકસરીવાન ઠરાવી શકાય નહીં. તેમજ આ કામે હવે વધુ અન્ય કોઈ પોલીસ સાહેદોને તપાસવામાં આવે તો પણ હાલના કેસના નિર્ણયમાં કોઈ ફેરફાર થાય તેમ ન હોય અન્ય બાકી રહેલા પોલીસ સાહેદને તપાસવામાં આવેલ નથી. આમ, હાલના કેસમાં રેકર્ડ ઉપર તપાસવામાં આવેલા ફરિયાદી તથા સાહેદનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદપક્ષ આરોપીઓની વિરૂદ્ધના ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૦૯) આમ, આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતા, ફરિયાદ પક્ષ આ કામના આરોપીઓ સામે મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા આક્ષેપિત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુન્હાઓનું તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવમાં આવે છે.

–:: હુ ક મ ::–

(૦૧) ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના **આરોપીઓ ૦૧–ભરતભાઈ પીઠાભાઈ પરમાર,** રહે. બાલાજી પાર્ક, મોવૈયા ગામ, તા.પડધરી, જી.રાજકોટ તથા

૦૨–જાવીદભાઈ હનીફભાઈ મકરાણી, રહે. સતવારા શેરી, તા.પડધરી, જી.રાજકોટ વાળાને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે પુરાવાના આભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) આ કામનાં આરોપીઓને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ ભારતીય નાગરીક સુરક્ષા અધીનિયમ, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબનાં રૂા.૫,૦૦૦/– નાં જાત જામીન તથા તેટલી જ રકમનાં જામીન આપવા.

(૦૩) સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ–૧૦મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૪/૨૦૨૬
પડધરી

(કુ.શ્રદ્ધા એન. ફાળકી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પડધરી, જી.રાજકોટ,
UID GJ–1579

NJB